પાયલોટ હડતાળ ૧૨મા દિવસે યથાવત

નવી દિલ્હી, તા.૧૯

એર ઈન્ડિયાના પાયલોટોની હડતાળ આજે બારમાં દિવસે પણ યથાવત્ રીતે જારી રહી હતી. હડતાળનો ઉકેલ આવે તેવા કોઈ સંકેત દેખાઈ રહ્યા નથી. એર ઈન્ડિયાએ હવે જારી રહેલી હડતાળ વચ્ચે નિવૃત્ત પાયલોટોનો સંપર્ક કરવાનો પ્રયાસ શરૂ કરી દીધો છે. તેની સેવાને કોઈ અસર ન થાય તે માટે એર લાઈન્સ મેનેજમેન્ટે આ પ્રયાસો હાથ ધર્યા છે. પહેલાંથી જ ખર્ચ અને દેવાની કટોકટીના કારણે મુશ્કેલીમાં રહેલા એર ઈન્ડિયાને ૨૦૦ કરોડ રૂપિયાનું નુકસાન થઈ રહ્યું છે. તેની ઈન્ટરનેશનલ ફ્લાઈટો પૈકી ઓછામાં ઓછી અડધી ફ્લાઈટો ઓપરેટ થાય તેવા પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા સુધીની વન સ્ટોપ ફ્લાઈટો સહિતની ઈન્ટરનેશનલ ફ્લાઈટ ઓપરેટ કરવાના પ્રયાસ ચાલી રહ્યા છે. એર લાઈન્સના કારોબારી અથવા તો મેનેજમેન્ટ ટ્રેડરના પાયલોટો આ વિમાનો ઓપરેટ કરે છે. વધારાના સનસાધનો મેળવવાના પ્રયાસ રૂપે મેનેજમેન્ટે હવે નવ નિવૃત્ત પાયલોટોનો સંપર્ક કર્યો છે. આ નિવૃત્ત પાયલોટો એરલાઈન્સ સાથે કોન્ટ્રાક્ટર ઉપર જોડાય તેમ માનવામાં આવે છે. નિવૃત્ત પાયલોટો સિનીયર કેપ્ટન છે જે બોઈંગ ૭૪૭-૪૦૦ના કેપ્ટન છે. એર ઈન્ડિયા જીદ્દાહ અને રિયાદ રૂટ ઉપર ઓપરેટ કરે છે. કોન્ટ્રાક્ટના સંબંધમાં વધુ માહિતી મળી શકી નથી.

એર ઈન્ડિયા બીજી બાજુ ભારતમાં તેની સંપત્તિની ચકાસણી કરવા રૂપરેખા તૈયાર કરવાના સંબંધમાં એક રિયલ એસ્ટેટ કંપનીની નિમણૂંક કરનાર છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીત સિંહે એર ઈન્ડિયા પાસેથી માહિતી માગી છે.

કટોકટીની સાથે સાથે...

- *એર ઇન્ડિયા પાયલોટોની હડતાળ ૧૨માં દિવસે પણ જારી*
- *એર ઇન્ડિયાને નુકસાન વધીને ૨૦૦ કરોડથી પણ વધારે*
- *એર લાઈન્સ મેનેજમેન્ટે તેના વિમાનો ઓપરેટ કરવા કેટલાક નિવૃત્ત પાયલોટોનો સંપર્ક કર્યો*
- *નિવૃત્ત પાયલોટો બોઈંગ ૭૪૭-૪૦૦ વિમાનમાં સિનીયર કેપ્ટન હોવાના અહેવાલ*
- *કોન્ટ્રાક્ટ ઉપર પાયલોટોની ઇન્ટરનેશનલ રૂટ માટે રોકવા વાતચીત*
- *નવ નિવૃત્ત પાયલોટોનો સંપર્ક એરલાઈન્સ મેનેજમેન્ટ દ્વારા કરાયો છે*

સિદ્ધાર્થ માલ્યાને ટ્વીટ્સ બદલ કાયદાકીય નોટિસ

નવી દિલ્હી, તા.૧૯

રોયલ ચેલેન્જર્સ બેંગ્લોરના ખેલાડી દ્વારા અમેરિકી મહિલાની સતામણીનો પ્રયાસ કરાયા બાદ ટીમના માલિક સિદ્ધાર્થ માલ્યાએ પણ પ્રશ્ન કર્યા હતા. હવે તેની સામે પણ મામલો ગરમ થઈ ગયો છે. સિદ્ધાર્થ માલ્યાને પણ નોટિસ ફટકારવામા આવી છે. અમેરિકન મહિલાએ સિદ્ધાર્થ માલ્યાને

નોટિસ ફટકારીને તેના ચારિત્ર ઉપર પ્રશ્ન ઉઠાવવા બદલ માફી માંગવાની માંગણી કરી છે આની સાથે તેની તકલીફમા પણ વધારો થયો છે. ટ્વીટ બદલ આરસીબીના માલિક સિદ્ધાર્થ માલ્યાની તકલીફમા વધારો થયો છે. જોહેલ હમીદે બિનશરતી માફીની માગણી કરી છે. તેના વકીલ જિતેન્દ્ર ગર્ગે કહ્યુ છે કે સિદ્ધાર્થ માલ્યાને ટ્વીટર ઉપર ટિપ્પણી બદલ સિદ્ધાર્થ માલ્યાને નોટિસ આપવામા આવી છે. તેમના જવાબની રાહ જોવામા આવશે જો તેઓ માફી માગસે નહી તો સિદ્ધાર્થ માલ્યાની સામે બદનક્ષીનો દેસ દાખલ કરવામા આવશે અત્રે નોંધનીય છે કે શુકવારના દિવસે આરસીબીના માલિક સિદ્ધાર્થ માલ્યાએ ટ્વીટર ઉપર જણાવ્યુ હતુ કે જે યુવતીએ લ્યૂક ઉપર આક્ષેપ કર્યો છે તે યુવતી એક દિવસ પહેલા તેની પાછળ પડેલી હતી. સિદ્ધાર્થે આ મહિલાના ચારિત્ર ઉપર પ્રશ્નન ઉઠાવ્યા હતા.

ત્રણ મહિનાની અંદર પાયલોટોની તમામ સમસ્યાઓને ઉકેલી લેવામાં આવશે

નવી દિલ્હી, તા.૧૯

એર ઈન્ડિયાના પાયલોટોન હડતાળ ૧૨મા દિવસમા પ્રવેશી ગઈ છે ત્યારે સરકારે આજે વચન આપ્યુ હતુ કે ત્રણ મહિનાની અંદર પાયલોટોની તમામ સમસ્યાઓને ઉકેલી લેવામા આવશે. પાયલોટોને ફરજ પર હાજર થવા સરકારે અપીલ કરી છે. નાગરિક ઉડ્ડયન પ્રધાન અજીત સિંહે આજે કહ્યુ હતુ કે પાયોલોટની જે કંઈ પણ સમસ્યા છે તે તરફ ધ્યાન આપવામા આવશે પરંતુ પહેલા હડતાળનો અંત લાવી ફરજ પર હાજર થવુ જોઈએ. અજીત સિંહે કહ્યુ હતુ કે હડતાળના લીધે એર ઈન્ડિયાને ભારે નુકસાન થઈ રહ્યુ છે. પાયોલોટોએ વાતચીત માટે આગળ આવવુ જોઈએ. લખનૌમાં ચૌધરી ચરણસિંહ વિમાની મથકે નવી ટર્મીનલનુ ઉદ્ઘાટન કર્યા બાદ પત્રકરો સાથે વાતચીત કરતા અજીત સિહે કહ્યુ હતુ કે વિમાની યાત્રીઓને ખૂબ જ

તકલીફ પડી રહી છે. જે ચિંતાજનક બાબત છે. પાયલોટોની જે કંઈ પણ સમસ્યા છે તેને ઉકેલવાના પ્રયાસ કરવામા આવી રહ્યા છે. હકાલપટ્ટી કરવામા આવેલા પાયલોટોને પુનઃ ફરજ ઉપર લઈલેવાના મુદે તેમણે કહ્યુ હતુ કે પાયોલોટોએ કામ ઉપર પરત ફરવુ જોઈએ. સરકાર દ્વારા તેમને કોઈ સજા કરવામા આવશે નહી. સ્થિતિને સમાન્ય બનાવવાના પ્રયાસો કરવામા આવી રહ્યા છે. યાત્રીઓ અંગે હડતાળી પાયોલોટએ વિચારણા કરવી જોઈએ. જો યાત્રીઓ નાખુશ હશે તો આવનાર દિવસોમા વધુ સમસ્યા સર્જાશે. જો એરલાઈન ટકી શકશે નહી તો પગાર, પ્રમોશન, અથવા બઢતી જેવી બાબતોનો કોઈ તમલબ રહેતો નથી. એરઈન્ડિયા પહેલાથી કટોકટીમાં છે. જેથી આ પ્રકારે હડતાળથી વધુ નુકસાન થઈ રહ્યુ છે. જો એર ઈન્ડિયા બંધ થશે તો પગાર અને બઢતી જેવી બાબતનો અર્થ રહેશે નહી. જસ્ટિસ ધર્મઅધિકારી કમિટિના અહેવાલની રાહ જોવામા આવી રહી છે.

જમ્મુમાં ત્રાસવાદી અડ્ડાનો પર્દાફાશ : હથિયારો કબજે

જમ્મુ,તા.૧૯

સુરક્ષા દળોએ આજે બાતમીના આધારે જમ્મુ કાશ્મીરના પહાડી રામબાણ જિલ્લામાં એક આતંકવાદી અડ્ડાનો પર્દાફાશ કર્યો હતો. અહીંથી મોટી માત્રામાં મોતનો મસાલો કબજે કરવામાં આવ્યો હતો. સુરક્ષા દળોએ ત્રાસવાદી અડ્ડાને શોધી કાઢી મોટી સફળતા હાંસલ કરી છે. અહીંથી સુરક્ષા દળોએ બે યુબીજીએલ ગ્રેનેડ, બે પીકા દારુગોળા, એકે-૪૭ રાઈફલ, બાર બોરની રાઈફલો, અન્ય હથિયારોનો જથ્થો જપ્ત કર્યો હતો. જો કે આ સંબંધમાં કોઈની ધરપકડ કરવામાં આવી નથી. રામબાણ જિલ્લાના બુજલા ગામ નજીક જમ્મુ કાશ્મીર પોલીસ અને રાષ્ટ્રીય રાઈફલના જવાનોએ બાતમી મળ્યા બાદ સંયુક્ત રીતે આ ઓપરેશન પાર પાડ્યુ હતું.

જગનમોહનની સંપત્તિ જપ્ત કરવા સીબીઆઈને બહાલી

હૈદરાબાદ, તા.૧૯

આંધ્રપ્રદેશ સરકારે વાયએસઆર કોંગ્રેસના પ્રમુખ જગનમોહન રેડ્ડીની સંપત્તિને સીલ કરવા સીબીઆઈને લીલીઝંડી આપી દીધી છે. આની સાથે જગનમોહનની તકલીફમાં વધારો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. સરકારે ગઈકાલે મોડી રાત્રે સીબીઆઈને તમામ જરૂરી કાર્યવાહી કરવા આદેશો આપી દીધા હતા. સાથે સાથે મંજૂરી પણ આપી દીધી હતી. જગનમોહન અને તેમના સાથીઓની માલિકી ટ્રાન્સફર કરવાની પણ સૂચના આપવામાં આવી છે. સરકારના આદેશો જારી કરવામાં આવ્યા નથી પરંતુ મુખ્યમંત્રી કિરણ કુમાર રેડ્ડીએ મંજૂરી આપી દીધી છે. સીબીઆઈએ જગનની સંપત્તિ કેસમાં સંપત્તિ જપ્ત કરવા માટે સરકારની પરવાનગી માગી હતી. જેથી સીબીઆઈને હવે સરકારે મંજૂરી આપી દીધી છે. સંપત્તિના વેચાણ પર પ્રતિબંધ મૂકવા અને ટ્રાન્સફર ઉપર પણ પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. સીબીઆઈને અંદાજ છે કે જગ્તી પ્રકાશનમાં પણ ગેરરીતિ આચરવામાં આવી હતી. સીબીઆઈએ જે ગણતરી કરી છે તે મુજબ પબ્લીકેશનની ઓફિસ અને મશીનરીની કિંમત ૨૪૩.૬૪ કરોડ રૂપિયા છે. સીબીઆઈ હવે જિલ્લા કોર્ટમાં અરજી દાખલ કરી શકે છે અને સંપત્તિ જપ્ત કરવા પરવાનગી મેળવી શકે છે. કોર્ટ ત્યારબાદ તપાસ સંસ્થાને બોલાવશે ત્યારબાદ તપાસ સંસ્થા અને આરોપીને બોલાવી તેમની સુનાવણી હાથ ધરવામાં આવશે. જો કોર્ટ સંપત્તિ જપ્ત કરવાની તરફેણમાં ચુકાદો આપશે તો આ પ્રક્રિયા ઉપર નજર રાખવા એક વહીવટીદારની નિમણૂંક કરવામાં આવશે.

ધાર્મિક ગુરુ બાબા જય ગુરુદેવનુ લાંબી માંદગી બાદ નિધન

મથુરા, તા.૧૯

ધાર્મિક ગુરુ બાબા જય ગુરુદેવનુ લાંબી માંદગી બાદ ગઈકાલે મોડી રાત્રે અવસાન થયુ હતુ. તેઓ ૧૧૬ વર્ષના હતા. બાબાના પાર્થિવ શરીરને શ્રદ્ધાળુના દર્શન માટે આશ્રમમાં રાખવામા આવ્યા બાદ મોટી સંખ્યામા ભક્તો ઉમટી પડ્યા હતા. ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને સમાજવાદી પાર્ટીના વડા મુલાયમ સિંહ યાદવ પણ સામેલ થયા હતા. જય ગુરુદેવનુ શુકવારે મોડી રાત્રે મથુરા સ્થિત પોતાના આશ્રમમાં અવસાન થયુ હતુ. તેઓ ઘણા સમયથી બિમાર હતા. આઠમી મેથી ગુડગાંવ સ્થિત મેદાન્તા હોસ્પિટલમાં તેમની સારવાર ચાલી રહી હતી. બાબાની ઈચ્છા બાદ શુકવારે બપોરે મથુરા સ્થિત

આશ્રમમ લાવવામા આવ્યા હતા. બાબાના નજીકના લોકોનુ કહેવુ છે કે તેઓ ૧૧૬ વર્ષના હતા. બાબાના મહાપ્રયાણના સમાચાર ફેલાતની સાથે તેમના સમર્થકોમાં દુખનુ મોજુ ફરી વળ્યુ હતુ. મોટી સંખ્યામાં ભક્તો જુદા જુદા વિસ્તારોમાંથી અંતિમ દર્શન માટે મથુરા પહોંચવા લાગ્યા હતા. આગામી બે દિવસ સુધી આ સિલસિલો જારી રહેશે. અંતિમ સંસ્કાર આગામી એક બે દિવસ ટાળવામા આવે તેવી શકયતા છે. બાબાના દેશ વિદેશમાં કરોડો ભક્તો છે. ભક્તો બાબાના અંતિમ દર્શન કરી શકે તે માટે અંતિમ સંસ્કારને ટાળવામા આવી રહ્યા છે. શનિવારે સાંજે આશ્રમ ટ્રસ્ટની બેઠક યોજાઈ હતી જેમાં અંતિમ સંસ્કારના મુદ્દા પર વિચારણ કરવામા આવી હતી.

બે મિલિયન ટન ઘઉંની નિકાસ કરવાની પેનલે કરેલી ભલામણ

નવી દિલ્હી, તા.૧૯

વડાપ્રધાનના મુખ્ય આર્થિક સલાહકાર સી રંગરાજનના નેતૃત્વમાં એક પેનલે વધારે પડતા ઘઉંના જથ્થાની નિકાસ કરી દેવાની ભલામણ કરી છે. આ ઉપરાંત આ પેનલે અન્ય શ્રેણીબદ્ધ ભલામણો પણ કરી છે. આ પેનલે ગરીબ લોકોને જંગી જથ્થો ફાળવી દેવા અને બાકીના જથ્થાને નિકાસ કરી દેવાની ભલામણ કરી છે. સરકારી ચેનલ મારફતે ૧૫૦૦ કરોડની સબસીડીમાં ૨ મિલિયન ટન ઘઉંની નિકાસ કરી દેવાની ભલામણ કરી છે જ્યારે ૧ મિલિયન ટન ઘઉંના જથ્થાને ખાનગી વેપારીઓ મારફતે આપી દેવાની વાત કરી છે. આ પેનલે ચેતવણી આપી છે કે માત્ર નિકાસથી જ તમામ સમસ્યાનો નિકાલ આવશે નહીં. અનાજના જથ્થાને રાખવાની જગ્યા ઓછી પડી રહી છે. પેનલે ભલામણ કરી છે કે ગરીબી રેખા નીચે રહેતા લોકોને ૮ મિલિયન ટન અનાજની ફાળવણી કરી દેવાની જરૂર છે. જ્યારે ૨ મિલિયન ટન ઘઉંનો જથ્થો ગરીબી રેખા ઉપરના (એપીએલ) પરિવારોને આપી દેવાની જરૂર છે. આના માટે કુલ સબસીડી બિલ ૧૭૦૦૦ કરોડનું રહેશે. વડાપ્રધાને થોડાક સમય પહેલાં જ રંગરાજનના નેતૃત્વમાં આંતર પ્રધાન સ્તરની સમીતિને આ મામલામાં તપાસ કરી અહેવાલ રજૂ કરવા કહ્યું હતું. અગાઉ નાણાંમંત્રી પ્રણવ મુખરજીએ નાણાં કીય ગૂંચવણના કારણે ૧૦ મિલિયન ટન અનાજની ફાળવણી કરવાની દરખાસ્તને ફગાવી દીધી હતી. હવે

રંગરાજનને પીએમઓને સલાહ આપી છે કે સરકારે રાજયની સંસ્થાઓ મારફતે બે મિલિયન ટન ઘઉંની નિકાસ કરી દેવી જોઈએ. ઘઉંની આંતરરાષ્ટ્રીય કિંમતો સ્થાનિક પ્રાપ્તિ કરતા ખૂબ ઓછી બનેલી છે. પેનલે કહ્યું છે કે આ નિકાસથી સરકારને ૧૫૦૦ કરોડ રૂપિયાની સબસીડી મળશે. જ્યારે અન્ય ૧ મિલિયન ટન અનાજ ખાનગી વેપારીઓને આપી દેવાની જરૂર છે.

આનાથી ૧૫૦ કરોડ રૂપિયા મળશે. રંગરાજનને કહ્યું છે કે ઈરાન અને ઈરાકને નિકાસ કરવાના મામલે ચર્ચા ચાલી રહી છે. જુદી જુદી રાજય સંસ્થાઓ મારફતે આ પ્રક્રિયા આગળ વધે તે જરૂરી છે.

પેનલે એમ પણ કહ્યું છે કે નિકાસ આડે ચોક્કસપણે ઘણી રાજકીય ગૂંચવણ છે. રંગરાજને કહ્યું છે કે ૮ મિલિયન ટન ઘઉંનો જથ્થો બીપીએલ કાર્ડ ધરાવતા લોકોને આપી દેવો જોઈએ અને ૨ મિલિયન ટનનો જથ્થો એપીએલ કાર્ડ ધરાવતા લોકોને વિતરણ કરવામાં આવે તે જરૂરી છે જ્યારે અન્ય ૧ મિલિયન ટન જથ્થો ખુલ્લા બજારમાં વેચી દેવામાં આવે તે જરૂરી છે. ખાદ્યાન મંત્રાલયે એપીએલ કાર્ડ ધારકોને ૧૦ મિલિયન ટનનો જથ્થો આપવાની વાત કરી હતી પરંતુ રંગરાજને ખૂબ ઓછો આંકડો આપી દીધો. નિકાસ ઉપર સબસીડી ઊંચી જઈ શકે છે. બ્લેક સીમાં આવેલા દેશો ઈન્ટરનેશનલ માર્કેટમાં ટૂંકમાં જ આવશે. રશિયન ઘઉં પહેલાથી જ ભારતીય વેરાયટી કરતા ઓછી કિંમતે ઉપલબ્ધ છે.

જીબી પંત હોસ્પિટલમાં વધુ ૪ નવજાત શિશુના મોત

શ્રીનગર, તા.૧૯

જમ્મુ કાશ્મીરમાં કાશ્મીરના જીબી પંત હોસ્પિટલમાં વધુ ચાર બાળકોના મોતની સાથે મૃતાંક વધીને આ વર્ષે ૩૬૩ ઉપર પહોંચી ગયો છે. કાશ્મીરની એક માત્ર બાળકોની હોસ્પિટલમાં મોતનો આંકડો વધતાં સરકાર પણ હચમચી ઉઠી છે. ગઈકાલે મોડી રાત્રે હોસ્પિટલમાં આ ચાર નવજાત શિશુના મોત થયા હતા. મોત બાદ દર્દીઓના સગા સંબંધીઓ અને અન્ય લોકોએ હોસ્પિટલની બહાર જોરદાર દેખાવો કર્યા હતા. જમ્મુ-શ્રીનગર

રાષ્ટ્રીય રાજમાર્ગ ઉપર નાકાબંધી કરી હતી. રોડ ઉપર નવજાત બાળકોના મૃતદેહ મૂકી દઈને હાઈવે ઉપર નાકાબંધી કરવામાં આવી હતી. ટ્રાફિક પોલીસને સ્થિતિને સામાન્ય બનાવવા બારે જહેમત ઉઠાવી પડી હતી.

શ્રીનગરમાં આવતા અને બહાર જતા તમામ વાહનોને ડાઈવર્ટ કરવામાં આવ્યા હતા. સરકારે હોસ્પિટલમાં નવજાત શિશુના મોતના મામલામાં તપાસનો આદેશ આપ્યા બાદ બે દિવસ પછી પણ મોતનો સિલસિલો જારી રહ્યો છે. તબીબી અધિકારીઓનું કહેવું છે કે નવજાત શિશુના મોતના મામલામાં ઊંડી તપાસ કરવામાં આવી રહી છે પરંતુ હજુ સુધી કોઈ નક્કર માહિતી મળી શકી નથી. ટૂંક સમયમાં જ બાળકોના મોત મામલે વિગત ખુલશે. બેદરકારીના લીધે નવજાત શિશુના મોતની સંખ્યા વધી રહી છે તેમ બાળકોના સગાસંબંધીઓનું નિવેદન છે.

સારી વાતોને સમાજ આવકારે છે...

(પાના નં. ૪ નું ચાલુ)

હવે ઘરના દશ પૈસા બચવા લાગ્યા. બાળકે તેનું પોસ્ટકાર્ડ ખરીદ્યું. કોઈ દરદીનાં સગાં-વહાલાંને કંઈ જાણ કરવી હોય તો તે પોસ્ટકાર્ડ લખી આપતો.

રોજ... નિશ્ચિત સમયે... બાળકનું આગમન! બધા સાથે હસીને મીઠું મીઠું બોલતો. દરેકની ખબર પૂછતો. દરેકનું કંઈ ને કંઈ કામ કરતો. બધાનું દુઃખ-દર્દ હળવું થઈ જતું. દવાખાનાની બધી નર્સો, બધા ડૉક્ટરો અને સ્ટાફ મેમ્બરો પણ આ બાળકને સારી રીતે ઓળખી ગયાં. કોઈ એને રોકતું નહીં.

એવામાં એક દિવસ ગામના એક પ્રતિષ્ઠિત ધનવાન માણસ સારવાર માટે દવાખાનામાં દાખલ થયા. બાળકની પ્રવૃત્તિ જોઈ ખુશ થયા. ઘેર જતી વખતે બાળકને પોતાના ઘેર આવવા કહ્યું. બાળક એમને ઘેર ગયો. ધનિકે બાળકના હાથમાં રૂા. ૧૦૦/- મૂકતાં કહ્યું, 'લે, આમાંથી ફળ ખરીદજે અને જેમને આપવા જેવા લાગે તેમને દવાખાનામાં આપજે. ખૂટે એટલે ફરીથી મારી પાસેથી પૈસા લઈ જજે.'

આમ દિવસો અને વર્ષો સુધી ક્રમ ચાલ્યો. બાળક હવે યુવાન બન્યો. ગામનો માનીતો હતો. કોઈ કામ એને પૂછ્યા વિના લોકો ન કરતાં.

સારી વાતોને સમર્થન મળે જ છે. સમાજ એને મોકળા મને આવકારે છે. આવશ્યકતા છે માત્ર પ્રારંભ કરનારાઓની. હાથમાં પેન લો. એક બિન્દુ બનાવો... અને લાંબી રેખા દોરશે... રેખા અનંતમાં વિલીન થશે. બિન્દુ બિન્દુ મળીને રેખા રચાશે. સત્કર્મોનો પ્રારંભ કરો... સમાજના સથવારે, એના ટેકે ગોવર્ધન પણ ઊંચકાઈ જશે!

સંગમાને તેમની પોતાની જ પાર્ટીનું સમર્થન મળ્યું નથી

નવી દિલ્હી,તા.૧૯

એનસીપીના નેતા પીએ સાંગમાને રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર તરીકે તમિળનાડુ અને ઓરિસ્સાના મુખ્યમંત્રીઓનો ટેકો મળી ગયો છે પરંતુ તેમની પાર્ટીના સભ્યો દ્વારા હજુ સુધી ટેકો મળી રહ્યો નથી. જેથી સાંગમા પણ પ્રબળ દાવેદાર તરીકે દેખાઈ રહ્યા નથી. તેમની પાર્ટીએ સમર્થનની બાબતને સંપૂર્ણ પણે ટેકો આપ્યો નથી. ગઈકાલે એનસીપીના વડા શરદ પવાર આ મામલામાં સાંગમાને મળ્યા હતા. ત્યારબાદ પવારે સાફ શબ્દોમાં કહ્યું હતું કે ઉમેદવારના મામલામાં પાર્ટીનો નિર્ણય એજ હશે જે યુપીએનો હશે. એનસીપી યુપીએના ગઠબંધન ભાગીદાર તરીકે છે.

સ્પાઈસ જેટે એપ્રિલ મહિનામાં એર ઇન્ડિયા પાસેથી ત્રીજા નંબરનું સ્થાન આંચકી લીધું

મુંબઈ,તા. ૧૯

સીટ ફેક્ટરમાં ઉલ્લેખનીય સુધારો થયો હોવા છતાં નેશનલ કેરિયર એર ઈન્ડિયાએ એપ્રિલ મહિનામાં તેની માર્કેટ હિસ્સેદારી ગુમાવી દીધી છે. સ્પાઈસ જેટે એપ્રિલ મહિનામાં એર ઈન્ડિયા પાસેથી ત્રીજા નંબરનું સ્થાન આંચકી લીધું છે. સેક્ટરલ રેગ્યુલેટર ડીજીસીએ દ્વારા જારી કરવામાં આવેલા નવેસરના આંકડામાં જણાવવામાં આવ્યું છે કે લો કોસ્ટ કેરિયર સ્પાઈસ જેટે એપ્રિલ મહિનામાં ત્રીજી સૌથી મોટી એરલાઈન્સ કંપની બની જવામાં સફળતા મેળવી છે. તેની માર્કેટ હિસ્સેદારી એપ્રિલ મહિનામાં ૧૭.૭ ટકા રહી છે. એર ઈન્ડિયાની માર્કેટ હિસ્સેદારીમાં ઘટાડો થયો છે કારણ કે હાલ તેમાં કટોકટી ચાલી રહી છે. સીટ ફેક્ટરમાં રાષ્ટ્રીય કેરિયરમાં

સુધારો થયો છે. એપ્રિલ મહિનામાં સીટ ફેક્ટર ૬૮.૯ ટકાથી વધી ૭૦.૫ ટકા થયો છે. કલાનીધિ મારણની માલિકીના સ્પાઈસ જેટે માર્ચ મહિનામાં ૧૭.૧ ટકા માર્કેટ હિસ્સેદારી મેળવી હતી જેની સરખામણીમાં હવે તેની માર્કેટ હિસ્સેદારી ૧૭.૭ ટકા થઈ છે. ચેન્નાઈ સ્થિત એરલાઈન્સમાં તેના સીટ ફેક્ટરમાં ૭ ટકાનો વધારો થયો છે. માર્ચ મહિનામાં ૭૩ ટકાની સામે હવે સીટ ફેક્ટર ૮૦ ટકા છે. આ મોરચામાં તેને પણ મોટો લાભ થયો છે. ઈન્ડિગોમાં ઉલ્લેખનીય સુધારો થયો છે. આ મહિનામાં સૌથી મોટો નફો ઈન્ડિગોને થયો છે. તેની માર્કેટ હિસ્સેદારી ૨૧.૯ ટકાથી વધીને ૨૩.૮ ટકા થઈ છે જ્યારે જેટ ગ્રુપની માર્કેટ હિસ્સેદારી માર્ચ મહિનામાં ૨૯.૨ ટકાથી ઘટી ૨૮.૨ ટકા એપ્રિલ મહિનામાં થઈ છે. આવી જ રીતે એપ્રિલ મહિનામાં માર્કેટ હિસ્સેદારી અગાઉના મહિનામાં ૧૭.૯ ટકાથી ઘટી ૧૭.૬ ટકા થઈ છે. જેટ એરવેઝ ગ્રુપની સંયુક્ત માર્કેટ હિસ્સેદારી ૨૮.૨ ટકા છે. જેટ એરવેઝ માટે માર્કેટ હિસ્સેદારી ૨૧.૪ ટકા છે.

ઉત્તર પ્રદેશમાં બસ અને ટ્રક ટકરાતાં ૧૬ શ્રદ્ધાળુના મોત

બહરેચ, તા.૧૯

ઉત્તર પ્રદેશના બહરેચ જિલ્લાના કોટવાલી દેહાત પોલીસ સ્ટેશન ખાતે એક બસ ટ્રક સાથે અથડાઈ જતાં ઓછામાં ઓછા ૧૬ શ્રદ્ધાળુઓના મોત થઈ ગયા છે અને મોટી સંખ્યામાં લોકો ઘાયલ થયેલા છે. મળેલી માહિતી મુજબ આ બનાવ ગઈકાલે મોડી રાત્રે ૧૦.૩૦ વાગ્યાની આસપાસ બન્યો હતો. સૂત્રોએ માહિતી આપતા કહ્યું છે કે આ બસમાં અજમેરના શ્રદ્ધાળુઓ મુસાફરી કરી રહ્યા હતા. ચિલવારીયા ગામ નજીક ગોન્ડા-બહેરેચ રોડ પર બસ અને ટ્રક સામસામે ટકરાઈ જતાં આગ ફાટી નીકળી હતી. જિલ્લા મેજિસ્ટ્રેટે માહિતી આપતા કહ્યું છે કે બસની અંદરથી ૮ મૃતદેહ મળી આવ્યા છે. ૪૪ લોકોને નજીકની હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યા છે. જિલ્લા મેજિસ્ટ્રેટ કિંજલે કહ્યું છે કે બે શ્રદ્ધાળુઓની હાલત ગંભીર જણાવવામાં આવી છે. આ બંને શ્રદ્ધાળુઓને લખનૌઉમાં સાહુજી મહારાજ મેડીકલ કોલેજમાં દાખલ કરવામાં આવ્યા છે. કિંજલે ૫૪ સીટની બસમાં કેટલા યાત્રીઓ હતા તે અંગે માહિતી આપી નથી. આમા આંબેડકર નજીકથી શ્રદ્ધાળુઓ અજમેર શરીફ જઈ રહ્યા હતા. તેમણે કહ્યું છે કે પ્રચંડ બ્લાસ્ટ થયા બાદ આગ ફાટી નીકળી હતી. કારણ કે બસની અંદર સિલેન્ડર હોવાનું જાણવા મળ્યું છે. જો કે તપાસ બાદ જ વિગત સપાટી ઉપર આવશે. જિલ્લાના ચીફ ડેવલોપમેન્ટ ઓફિસર સુખલાલ ભારતીયે કહ્યું છે કે બસમાં ૬૦થી ૭૦ લોકો હતા. બચી ગયેલા યાત્રીઓ પૈકીના એકે કહ્યું છે કે આ બસમાં ૮૦ લોકો મુસાફરી કરી રહ્યા હતા.

ચાંદીમાં ૬૦૦નો ઉછાળો

નવી દિલ્હી, તા.૧૯

બુલિયન બજારમાં સોના ચાંદીમા હાલ તેજીનો માહોલ જોવા મળી રહ્યો છે. ગઈકાલે શુક્રવારે ચાંદીની કિંમતમા અમદાવાદ બુલિયન બજારમાં ૧૫૦૦ રૂપિયાનો ઉછાળો નોંધાયા બાદ આજે વધુ ૬૦૦ રૂપિયાનો વધારો ચાંદીમાં નોંધાયો હતો.જ્યારે સોનાની કિંમતમા ગઈકાલે ૬૫૦નો સુધારો થયા બાદ વધુ ૧૦૦ રૂપિયાનો ઉછાળો આજે નોંધાયો હતો. આની સાથે જ સોના ચાંદી બજારમા હાલ ખૂબ જ આદર્શ સ્થિતિ બનેલી છે.

માંગ ફગાવાઈ

● અનુસંધાન પહેલાનું ચાલુ

અને બજેટ મંજૂર થઈ ચુકયુ છે એટલે જયારે વિચાર આવે ત્યારે માંગ કરવી તે વાત પણ બરાબર નથી.

શ્રી આશિષ દવે એ પ્રોપર્ટી ટેક્ષ લાગુ કરવા અંગે પણ શાસક પક્ષને ભીંસમાં લેવાનો પ્રયાસ કર્યો હતો. મેયરશ્રી રાણાએ જણાવ્યું હતું કે પ્રોપર્ટી ટેક્ષની વસુલાત ૧-૪-૨૦૧૧થી અમલી બને તે રીતે લાગુ કરવામાં આવશે.

આ અગાઉ ગત બેઠકમાં થયેલ કાર્યવાહી અંગેની નોંધ અધુરી હોવાનો આક્ષેપ પણ શ્રી આશિષ દવેએ કર્યો હતો. તેમણે જર્નુમમાં સમાવેશ માટે કરાયેલ રજુઆત અને તે મુદ્દે થયેલ ચર્ચાનો કાર્યવાહી નોંધમાં સમાવેશ નહિ કરાયાનો ઉલ્લેખ કરી વાંધો લીધો હતો પરંતુ તે માન્ય રાખવામાં આવ્યો ન હતો.